અમૃતા સાપ્તાહિક

તા. ૩૦-૬-૨૦૧૦




# પ્રસાદ ગ્રુપ લાવ્યું લેટેસ્ટ થ્રીડી કેમેરા

ભારત સરકાર દ્વારા દાદા સાહેબ ફાળકે જેવા પ્રતિષ્ઠિત એવોર્ડથી પુરસ્કૃત થયેલા અને દર્શકોને ૬૦-૭૦-૮૦ના દાયકામાં પ્રસાદ પ્રોડકસન્સના બેનરમાં શારદા, છોટી બહેન, સસુરાલ બેટી બેટે, હમરાહી, બિદાઈ, જીને કી રાહ, મિલન, ખિલૌના, ઉધાર કા સિંદૂર, એક દુજે કે લિયે જેવી સફળ-સંગીત સભર યાદગાર ફિલ્મો આપનાર એલ.વી.પ્રસાદ અને તેમનાં ગ્રુપનો ફિલ્મ જગતમાં સિંહફાળો રહ્યો છે. હાલમાં, જો કે પ્રસાદના બેનરમાં ઘણાં સમયથી હિન્દી ફિલ્મ બની નથી પણ ફિલ્મ ટેકનિકના ક્ષેત્રે પ્રસાદ ગ્રુપ આજેય સક્રિય છે. દેશના પાંચ મોટા શહેરોમાં પ્રસાદ લેબ કાર્યરત છે, જ્યાં ફિલ્મોને આધુનિક ટેકનિકથી સભર કરવાનું કામ થાય છે. ૭૦ એમ.એમ.સિક્સ ટ્રેક રેકોર્ડીંગ જેવી આધુનિક બાબતો સાથે હિન્દી ફિલ્મોને પેનાવિઝન કેમેરાનો પરિચય કરાવવાનો યશ પ્રસાદને ફાળે જાય છે. હવે ભારતમાં લેટેસ્ટ થ્રીડી કેમેરા લાવવાનો યશ પણ આ જ પ્રસાદ ગ્રુપને જાય છે.



'ટાયટેનિક' ફેઈમ દિગ્દર્શક જેમ્સ કેમરુન દ્વારા બનાવવામાં આવેલી થ્રીડી ફિલ્મ 'અવતાર' તેની ટેકનિકલ ગુણવત્તાને કારણે વિશ્વભરમાં વિક્રમ સર્જ્યો, દર્શકોને આ ફિલ્મમાં રજૂ થયેલી થ્રીડીની કરામત મંત્રમુગ્ધ કરી ગઈ હતી. હવે પ્રસાદ ગ્રુપના પ્રયાસોને કારણે આ થ્રીડી ટેકનિક ભારતમાં ઉપલબ્ધ થઈ ગઈ છે. પ્રસાદ ગ્રુપે એ માટે કેનેડાથી થ્રીડી કેમેરા આયાત કર્યો છે, જેનાં કારણે હવે ભારતમાં 'અવતાર' જેવી થ્રીડી ઈફેક્ટવાળી ફિલ્મ બનાવી શકાશે.

આ આધુનિક કેમેરા વિશે માહિતી આપવા માટે પ્રસાદ ગ્રુપ દ્વારા મુંબઈમાં એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યુ હતું, જેમાં બોલિવુડના ટોચના કેમેરામેન-દિગ્દર્શકોએ હાજરી આપી હતી. અશોક મહેતા, નિર્મળ જાની, પ્રવિણ ભટ્ટ, અનિલ મહેતા, ડબલ્યુ બી.રાવ, સુદીપ ચેટરજી, આર.એમ.રાવ, ધરમ ગુલાટી જેવા કેમેરામેન ઉપરાંત કબીર બેદી, જોની બક્ષી, યશ ચોપરા, વિનય સિંહા, મનોજ અગ્રવાલ, પંકજ પરાશર, મનમોહન શેટ્ટી, અંજન શ્રીવાસ્તવ, પ્રેમ સાગર, કે.રવિશંકર, વિક્રમ ભટ્ટ, અભિષેક કપૂર, વિક્રમ જેવા સર્જકોએ વર્કશોપમાં આવીને કેમેરાનો અભ્યાસ કર્યો હતો. જમ્પિંગ જેક જિતેન્દ્રનો પ્રસાદ પરિવાર સાથે અંગત સંબંધો છે, એ આ પ્રસંગે વિશેષ અતિથિ હતો.

ભારતમાં થ્રીડી કેમેરા લાવવા વિશે એલ.વી.પ્રસાદના સુપુત્ર રમેશ પ્રસાદે કહ્યું, હૈદરાબાદમાં અમારું આઈ-મેક્ષ થિએટર છે ત્યાં 'અવતાર' રજૂ થઈ ત્યારે લોકો જોવા ઉમટી પડ્યા અને એમાં રજૂ થયેલી થ્રીડી ઈફેક્ટ્સ જોઈને અચંબામાં પડી ગયા. અઢી લાખથી વધુ લોકોએ ફિલ્મ માણી અને અમને અઢી કરોડની આવક થઈ, અમને ત્યારે લાગ્યું કે લોકોને જો નવીનતા આપો તો સ્વીકારે છે.,

એ વિચારે અમને આ કેમેરો આયાત કરવાની પ્રેરણા આપી.

રમેશ પ્રસાદના પુત્ર સાંઈ પ્રસાદે આ પ્રસંગે જણાવ્યું, અગાઉ છોટા ચેતનમાં થ્રીડી ગ્રાફિક્સ હતાં જ્યારે 'અવતાર' જુદા જ પ્રકારે બનેલી થ્રીડી ફિલ્મ છે. છોટા ચેતનમાં ટેકનિકનો આધાર લઈને દર્શકોને ચોંકાવવાનો પ્રયાસ થયેલો જ્યારે 'અવતાર'માં દર્શકો પોતાને આ ફિલ્મ સાથે જોડી દે છે, એ જ આ નવી ટેકનિકવાળા કેમેરાની કમાલ છે.

જિતેન્દ્ર કહે છે કે આ કેમેરાથી બોલિવુડમાં નવા યુગનો આરંભ થઈ રહ્યો છે. ખરેખર, આ કેમેરાથી ભારતીય ફિલ્મો ઉદ્યોગમાં નવી ક્રાંતિનું આગમન થઈ રહ્યુ છે અને આ ક્રાંતિ લાવવાનો યશ પ્રસાદ ગ્રુપને જાય છે.